| Newspaper | Page No. | Date |
| --- | --- | --- |
| Manas Prem | 02 | 15-07-2014 |

# એસ્સાર ફાઉન્ડેશન દ્વારા વાડિનારમાં માતા અને બાળ દેખરેખ કેન્દ્રનું વિસ્તરણ

એસ્સાર ફાઉન્ડેશનના સામુહિક આરોગ્ય યોજના અંર્તગત સામાજિક સેવા પ્રવૃતિમાં વધુ એક સેવાની યશકલગી ઉમેરાઈ છે, જેમાં વાડિનાર ખાતે માતા અને બાળ દેખરેખ કેન્દ્ર માં વધારે સેવાઓ ઉમેરી રહયા છે. અત્યાર સુધી એક બાળરોગ અને સ્ત્રીરોગ નિષ્ણાંત દવારા સાપ્તાહિક સેવાઓ પુરી પાડવામાં આવતી હતી, હવેથી આ સેવાઓમાં એક આંખના અને દાંતના નિષ્ણાંતની સેવાનો ઉમેરો કરવામાં આવી રહયો છે.



આ પ્રસંગે જામનગરના માનનીય સંસદ સભ્ય પૂનમબેન માડમ ના હસ્તે કેન્દ્રની મરામત અને નવીનીકરણ નાં મુહુર્ત સાથે અન્ય સેવાઓના વિસ્તરણની જાહેરાત કરવામાં આવી હતી. તદઉપરાંત, આ પ્રસંગે એક વિશાળ આરોગ્ય શિબિરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં ઓર્થોડિનીસ્ટ, સ્ત્રીરોગ નિષ્ણાંત, બાળરોગ અને નેત્રતજજ્ઞો એવા ૨૧ ડોક્ટરોની ખાસ ટીમ હતી. જેઓએ આસપાસનાં ગામોનાં લગભગ ૩૫૬ જેટલા દર્દીઓની મફત ચકાસણી અને દવાઓની સેવાઓ પુરી પાડી હતી.

આ પ્રસંગે તબીબી સેવાઓ અને અન્ય સમાતંર કાર્યક્રમોમાં સમૂહ સીવાય, રોગનાશક પાસાની દષ્ટિએ સેવાઓનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, પરંતુ રોગ નિવારક પાસાઓની પણ કાળજી લેવામાં આવી હતી. આ પ્રસંગે બિમારીઓ વિશે વર્ષ દરમ્યાન સંદેશાવાહક જાગૃતિ સત્રોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પૂનમબેન માડમ દવારા એસ્સાર ઓઈલ લી. ના વર્ષે ૨૦૧૩-૧૪ નો સીએસઆર નો વાર્ષિક રિપોર્ટ પણ પ્રક્ષેપણ કરાયો હતો.

પૂનમબેન માડમ ને રાજકીય ક્ષેત્રમાં ઉજાગર થવા અંગે તથા ડો. પી.બી. વસોયા, જામનગર જીલ્લા પંચાયંત પ્રમુખને જામનગર જીલ્લાના નોંધનીય વિકાસ માટે તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત, ડો. નયનાબેન પટેલ (ઈન ચાર્જ ડીન - ડેન્ટલ કોલેજ), ડો. મહેતા (બિન સચારી રોગોના નિષ્ણાત), ડો. પ્રશાંત તન્ના (બાળરોગ નિષ્ણાંત), ડો. બીજલ શાલીન પટેલ (સ્ત્રીરોગ નિષ્ણાંત), ડો. પૂજા પટેલ (દંત ચિકિત્સક) અને ડો. ડી.પી.પંડયા (નેત્રરોગ ચિકિત્સક) વગેરેનાઓને તેમના સંબંધિત ક્ષેત્રોમાં તેમના સર્મપણ અને લાંબા ગાળાના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વાડિનાર સરપંચશ્રી કાસમભાઈ અને ભરાણાના સરપંચ હુસેનભાઈ તથા વાડિનાર ગામના આગેવાન સી. આર. જાડેજા તથા અન્ય આગેવાનોએ પણ હાજરી આપી હતી.

એસ્સાર ઓઈલ લી. અને ઈન્ડિયન ઓઈલ લી. ના ઉચ્ચ અધિકારીઓ સહિત એસ્સાર ઓઈલ લી. ના ડાયરેકટર શ્રી. સી. મનોહરન, એસ્સાર ઓઈલ લી. ના સિનિયર વાઈસ પ્રેસીડન્ટં નારદા સીંગ અને રાનુ રામ, ચીફ ઓપરેશન મેનેજર, ઈન્ડિયન ઓઈલ લી. વગેરેએ આ પ્રસંગની ખુબ પ્રશંસા કરી અને ભવિષ્યમાં સંયુક્ત સહયોગથી વધુ કાર્યક્રમો થાય તેવા વિચારો વ્યક્ત કર્યો હતા. અન્ય અધિકારીઓ માં આર.કે.લોધી (પર્યાવરણના વડા- એસ્સાર ઓઈલ લી.), કે. મોટલા (સીઆરજીના વડા - એસ્સાર ઓઈલ લી.) તથા ગામોની સામાન્ય જનતા સહભાગી બની હતી.